પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેંસ્કી સાથે વાત કરી (09 નવેમ્બર, 2026)

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે યુક્રેનના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વોલોદિમીર ઝેલેંસ્કી સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

2. રાષ્ટ્રપતિ ઝેલેંસ્કીએ ચાલુ સંઘર્ષને લગતી તાજેતરની ઘટનાઓ અંગે પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો.

3. પ્રધાનમંત્રીએ ભારતના માનવ-કેન્દ્રિત અભિગમને પુનઃ સમર્થન આપ્યું અને ભારતની તે સુસંગત સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો કે સંઘર્ષનું સમાધાન સંવાદ અને કૂટનીતિ દ્વારા થવું જોઈએ. તેમણે સંઘર્ષના શાંતિપૂર્ણ નિરાકરણના હેતુથી તમામ પ્રયત્નોમાં યોગદાન આપવા માટે ભારતની તૈયારી દર્શાવી.

4. બંને નેતાઓએ બંને દેશોના લોકોના પરસ્પર લાભ માટે વિવિધ ક્ષેત્રોમાં ભારત-યુક્રેન દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરવાના પગલાં પર પણ ચર્ચા કરી હતી.

નવી દિલ્હી

09 નવેમ્બર, 2026